

# ચરોતરમાં દૂંદાળા દેવની ભક્તિમાં આરતી, ભજન-ગરબાની રમઝટ


અશોકનગર, બોરસદ



મારુતિ યુવક મંડળ, પેટલાદ


જાદવ ચોક યુવક મંડળ, પેટલાદ


દેસાઈ શેરી યુવક મંડળ, પેટલાદ


વિઘ્નહર્તા ગ્રુપ, પેટલાદ


શ્રી બળીયાદેવ મહારાજ યુવક મંડળ, પેટલાદ


ઓમકારેશ્વર મંદિર સામે


જય અંબે ગ્રુપ, વિદ્યાનગર


મધુવન ગ્રુપ, આણંદ


તપસ્વી બંગ્લોઝ, જીટોડીયા


ડી.એફ. ગ્રુપ, પેટલાદ


સન ફ્લોવર વેલી, આણંદ


ખંભાત કા રાજા ખલાસી સમાજ


પીઠ બજાર, ખંભાત


લાલ દરવાજા, ખંભાત

ચરોતર પંથકમાં શ્રી ગણેશ મહોત્સવની ઉજવણીને લઈને ભક્તિ અને ઉત્સાહનો માહોલ છવાયો છે. આણંદ, ખેડા સહિતના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ સ્થળોએ શ્રી ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરી દૂંદાળા દેવની શ્રદ્ધાભેર ઉપાસના કરવામાં આવી રહી છે. ગણેશજીના પંડાલો તથા જાહેર સ્થળોએ આકર્ષક શણગાર અને રોશની કરવામાં આવતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની રહ્યું છે.દરરોજ સાંજ પડતાં જ ગણેશજીની આરતીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. આરતી બાદ ભજન-કીર્તન, ગીતો, ગરબા તથા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અનેક સ્થળોએ ડીજેના તાલે ગણપતિ બાપ્પાના ભક્તિગીતો ગૂંજી રહ્યા છે, જ્યારે વિવિધ ગાયક વૃંદ દ્વારા રજૂ થતા ભજન અને સંગીત કાર્યક્રમો શ્રદ્ધાળુઓમાં વિશેષ આકર્ષણ જમાવી રહ્યા છે. સ્થાનિક શ્રદ્ધાળુઓ ભક્તોના સહયોગથી અન્નકુટ મહોત્સવનું પણ આયોજન કરવામાં આવે છે. 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ સાથે વાતાવરણ ગુંજી રહ્યું છે. બાળકો, યુવાનો અને વડીલો સહિત તમામ વયજૂથના લોકો ગણેશ મહોત્સવની ઉજવણીમાં સહભાગી બની રહ્યા છે. વિઘ્નહર્તા ભગવાન ગણેશની પૂજા-અર્ચના કરી પરિવાર અને સમાજના સુખ-સમૃદ્ધિ તથા સૌના કલ્યાણની પ્રાર્થના કરવામાં આવી રહી છે.

**તસ્વીરઃ વિનાયક આણંદજીવાલા, ભરતસિંહ સોલંકી, જશવંતસિંહ રાઠોડ**

**'અગલે બરસ તૂ જલ્દી આ' | મંડળો દ્વારા નીકળેલી ભવ્ય શોભાયાત્રાનું ઠેર-ઠેર સ્વાગત કરાયું**

# કપડવંજમાં ઢોલ-નગારા ને ડીજેના તાલ સાથે શ્રીજીને ભાવુક વિદાય

**વરાસી નદીમાં પાલિકા** ફાયર બ્રિગેડની મદદથી સુરક્ષિત વિસર્જન કરાયું

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૯

કપડવંજ નગરમાં ગણેશ મહોત્સવના પાવન પર્વની ભક્તિમય વાતાવરણ વચ્ચે પૂર્ણાહુતિ થઈ છે. નગરના વિવિધ પંડાલોમાંથી દુંદાળા દેવ શ્રીજીની ભવ્ય વિસર્જન શોભાયાત્રા ડી.જે. અને ઢોલ-નગારાના ઘોષ સાથે નીકળી હતી. સમગ્ર નગરજનોએ ઉષ્માભેર સ્વાગત કરીને દાદાને ભાવુક હૈયે વિદાય આપી હતી, ત્યારબાદ વરાસી નદીમાં ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

કપડવંજ શહેર ગણેશ મહોત્સવના વિસર્જન પ્રસંગે 'ગણપતિ બપ્પા મોરિયા'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. વિસર્જનના દિવસે નગરના વિવિધ સાર્વજનિક ગણેશ મંડળો દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં રત્નાકર માતા રોડ ગણેશ યુવક મંડળ, બત્રીસકોઠાની વાવ સાર્વજનિક ગણેશ મહોત્સવ, શિવનેરી ગણેશ મંડળ (અમથા પારેખની ખડકી), મંગલમૂર્તિ ગૃપ આયોજિત સાર્વજનિક, ગણેશોત્સવ (લાંબીશેરી), ધોળીકુઈ ગણેશ મંડળ, કાછીયાવાડ ગણેશ મંડળ, ગોલવાડ ગણેશ મંડળ સહિતના વિવિધ પંડાલોમાંથી દુંદાળા દેવ ગણેશજીની પ્રતિમાઓને નગરમાં ડી.જે. અને ઢોલ-નગારાના તાલે ફેરવવામાં આવી હતી. નગરની ધાર્મિક જનતાએ ઠેર-ઠેર ઉત્સાહપૂર્વક સ્વાગત કરી ભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું.






તસવીરઃ હરીશ જોષી

### ક્રેન અને કુશળ તરવૈયાઓની મદદથી વિસર્જન કરાયું

પ્રતિ વર્ષની જેમ કપડવંજ નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા ફાયરના જવાનો તથા કુશળ તરવૈયાઓની ટીમ તૈનાત કરવામાં આવી હતી. વરાસી નદી પર કોઈ પણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે વિશાળ ક્રેનની મદદથી શ્રીજીની મૂર્તિઓનું સુરક્ષિત વિસર્જન થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સમગ્ર વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.



## આણંદમાં વિસર્જન માટે કૃત્રિમ કુંડ બનાવાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ શહેરમાં પ્રથમ વખત 68,400 ઘન ફૂટની ક્ષમતા ધરાવતો કુંડ બનાવાશે. ગણેશ ઉત્સવ દરમિયાન પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓના વિસર્જનથી થતા પ્રદૂષણનો સુખદ ઉકેલ લાવવા આણંદ મહાનગરપાલિકા દ્વારા પ્રથમ વખત કૃત્રિમ કુંડની વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરમાં દર વર્ષે એક હજારથી વધુ ગણેશ મૂર્તિઓના વિસર્જનથી તળાવો અને જળાશયોના પાણી પ્રદૂષિત થાય છે, જેને ધ્યાને રાખી વિવાહ પાર્ટી પ્લોટ પાસે 600x95 ફૂટ પહોળો અને 12 ફૂટ ઊંડો કૃત્રિમ કુંડ તૈયાર કરાઈ રહ્યો છે. રૂ. 12.63 લાખના ખર્ચે 3 થી 4 દિવસમાં તૈયાર થનારા 68,400 ઘન ફૂટ ક્ષમતા ધરાવતા આ કુંડ દ્વારા આધ્યાત્મિક મર્યાદા સચવાશે અને જળાશયોના પ્રદૂષણનો સુખદ નિકાલ આવશે.

**ગણપતિ વિસર્જન શોભાયાત્રાના સુચારુ સંચાલન માટે જાહેરનામું**

# આણંદમાં ગણપતિ વિસર્જન નિમિત્તે ટ્રાફિક ડાયવર્ઝન જાહેર

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ શહેરમાં ૨૦મી સપ્ટેમ્બરના રોજ ગણપતિ વિસર્જન મહોત્સવ અંતર્ગત નીકળનારી ભવ્ય શોભાયાત્રાને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા ટ્રાફિક વ્યવસ્થામાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. આણંદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ ગમારા દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામું બહાર પાડીને વિસર્જનના દિવસે સવારથી રાત્રિના ૨૨-૦૦ કલાક સુધી શહેરના વિવિધ માર્ગો પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકી ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યું છે.

વિદ્યાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી શરૂ થનારી ગણપતિ વિસર્જનની શોભાયાત્રા આણંદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ લોટીયા ભાગોળ તળાવ ખાતે વિસર્જન માટે જનાર છે. આ શોભાયાત્રા એ.વી. રોડ, એ.પી.સી. સર્કલ, ગાયત્રી સર્કલ અને ટાઉન હોલ ત્રણ રસ્તા થઈ મહારાણા પ્રતાપ સ્ટેચ્યુથી લોટીયા ભાગોળ તળાવ પહોંચશે. આ રૂટ પર ટ્રાફિક જામની સ્થિતિ ન સર્જાય તે માટે આણંદ-વિદ્યાનગર રોડ ભાઈકાકા સર્કલથી ટાઉન હોલ સુધીનો માર્ગ, ટાઉન હોલથી ગોપી સિનેમા અને અમુલ ડેરીથી મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ સુધીના માર્ગો પર વાહન વ્યવહાર બંધ રાખવામાં આવશે. આ ઉપરાંત ઉમાભવન, બોરસદ ચોકડી અને લાંભવેલ રોડ ગ્રીડ ચોકડીથી બોરસદ ચોકડી તરફ જતા વાહનો માટે પણ પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે.

જોકે, વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થાના ભાગરૂપે ભાઈકાકા સર્કલથી આવતા વાહનો જનતા ચોકડી થઈ આણંદ-બોરસદ ચોકડી તરફ જઈ શકશે. સંકેત ચાર રસ્તાથી એ.પી.સી. સર્કલ તરફ આવતા વાહનો પ્રાપ્તિ સર્કલ અને ગ્રીડ ચોકડી થઈ આણંદમાં પ્રવેશ કરી શકશે.

**ગણપતિ વિસર્જનને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવા કવાયત**

# સેવાલિયા પોલીસ દ્વારા બજારમાં 'ફૂટ પેટ્રોલિંગ' અને મંડળો સાથે બેઠક યોજી

**શાંતિ અને કાયદો-** વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ફ્લેગ માર્ચ

(પ્રતિનિધિ) સેવાલિયા તા.૧૯

સેવાલિયા ખાતે ગણેશ વિસર્જન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ, શાંતિ સમિતિની બેઠક સહિતના વિવિધ પગલાં ભરવામાં આવી રહ્યાં છે.



સેવાલિયા શહેરમાં ગણેશ વિસર્જન પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુદ્રઢ રહે તથા તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે હેતુથી સેવાલિયા પોલીસ દ્વારા મુખ્ય બજાર વિસ્તારમાં સઘન ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. ગણપતિ વિસર્જનને લઈને સેવાલિયા પોલીસ દ્વારા સુરક્ષા અને શાંતિ જાળવવા માટે વિશેષ વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી છે. આ રણનીતિના ભાગરૂપે પોલીસ કાફલા દ્વારા બજારના વેપારીઓ અને સ્થાનિક રહીશોમાં સુરક્ષાનો વિશ્વાસ સંપાદિત કરવા માટે ફૂટ માર્ચ યોજી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત પોલીસ દ્વારા 10 જેટલા ગણપતિ મંડળોના આયોજકો સાથે ચર્ચા કરી વિસર્જન દરમિયાન શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ખાસ કરીને ઉશ્કેરાટજનક પરિસ્થિતિ ઊભી ન થાય, ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે અને ડીજેના સાઉન્ડની મર્યાદાનું પાલન થાય તે અંગે આયોજકો અને ડીજે સંચાલકોને તકેદારી રાખવા જણાવાયું હતું.